## પ્લાન યોજનાની તૃતીય રીવ્યુ મીટીંગની કાર્યવાહી નોંધઃ

પ્લાન યોજનાની તૃતીય રીવ્યુ મીટીંગ માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા. ૪/૩/૨૦૧૩નાં રોજ બપોરનાં ૧૪.૩૦ કલાકે યુનિવર્સિટી ભવન કોન્ફરન્સ હોલમાં મળેલ જેમાં યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રની યોજનાનાં અધિકારીશ્રીઓ અને યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

પ્લાન યોજનાની રીવ્યુ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી માન. કુલપતિશ્રીએ પ્લાન યોજનાના વિભાગો/ સંશોધન કેન્દ્ર પર કાર્યરત યોજનાઓમાં પગારભથ્થાં, રીકરીંગ, નોન રીકરીંગ અને બાંધકામ સદરે ફેબ્રુઆરી ૨૦૧૩ અંતિત થયેલ ખર્ચ બાબતે ચર્ચા કરી યોજનામાં ગ્રાન્ટની વધારાની જરૂરીયાત અંગે સ્પષ્ટતા કર્યેથી આયોજન મુજબની ગ્રાન્ટની માંગણી અન્વયે અન્ય યોજનામાંની (ગવમેન્ટ હેડવાઈઝ યોજનામાં સરભર) બચત ગ્રાન્ટ હશે તમાંથી ફાળવવામાં આવશે અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ખર્ચ કરવા રીકરીંગ/નોનરીકરીંગ સદરે ખરીદીની મંજુરી મેળવવાની કાર્યવાહી આગામી તા. ૧૫/૩/૨૦૧૩ સુધીમાં મેળવી લેવાની રહેશે. તેમજ આ મંજુરીઓ અન્વયે ખર્ચનાં બીલો વહીવટી હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કચેરીમાં તા. ૨૫/૩/૨૦૧૩ સુધીમાં મોકલવાનાં રહેશે.

**<u>રીવ્યુ મીટીંગમાં ગેરહાજર રહેવા બાબત..</u>**

**(૧)** પ્લાન યોજનાની રીવ્યુ મીટીંગમાં નીચે દર્શાવેલ કચેરીનાં પ્રતિનિધીઓ ગેરહાજર રહેતા વિભાગોમાં કાર્યરત યોજનામાં ખર્ચની વિગતોનાં અભાવે હવે પછી ગ્રાન્ટની જરૂરીયાત ગ્રાહય રાખવમાં આવશે નહિં.

(૧) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

(૨) કુલસચિવશ્રીની કચેરી

(૩) યુનિવર્સિટી સેન્ટ્રલ લાયબ્રેરી

(૪) પશુ સંશોધન કેન્દ્ર, ડેરી વિભાગ

**(૨) <u>યોજનામાં ગ્રાન્ટ જરૂરીયાત મુજબ ખર્ચનું આયોજન</u>**

આગામી રીવ્યુ બેઠકમાં જે તે કાર્યરત યોજનામાં ગ્રાન્ટની જરૂરીયાત બાબતે ખર્ચનું આયોજન નીચેનાં વિભાગોએ આપવામાં આવેલ ન હતું જે યોજનાના અધિકારીશ્રીઓની વહીવટી બિનકુશળતા દર્શાવે છે.

(૧) આઈ.ટી. વિભાગ (૨) સેન્ટ્રલ લાયબ્રેરી (૩) કૃષિ સંશોધન, માંગરોલ : (બજેટ સદર ૧૨૯૪૬ એમાં નોન રીકરીંગ સદરે એપ્રુવ્ડ સાધનો ખરીદી શકાશે. તે સિવાયના સાધનો ખરીદી શકાશે નહિં. આ સાધનો અંગે તાત્કાલીક સ્પષ્ટતા કરવાની રહેશે.

**(૩) પ્લાન યોજનામાં નોન રીકરીંગ સદરે ઓછો ખર્ચ થવા બાબત.**

શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ સદરની યોજનામાં ચાલુ નાણાંકીય વર્ષમાં નોન રીકરીંગ હેડે એપ્રુવ્ડ સાધનો માટે મંજુર થયેલ ગ્રાન્ટ ફાળવવામાં આવતા ફેબ્રુઆરી –૨૦૧૩ અંતિત ખૂબ ઓછો ખર્ચ થવા

પામેલ છે. હવે નાણાંકીય વર્ષ પુરો થવાને સમય ખૂબજ ઓછો હોય તે સંજોગોમાં કેટલીક રકમ રીવ્યુ મીટીંગ સમયે પરત કરવામાં આવશે તેમ જણાવતાં આ નોન રીકરીંગ સદરે ફાળવેલ રકમ પાર્કીંગ ફંડ કરેલ હોય જેથી નાણાંકીય ઔચિત્યતાનો ભંગ થાય છે. અને જે તે કચેરીની વહીવટી કાર્યક્ષમતાનો અભાવ દશાવે છે. જેથી આ રકમ પરત કરવા બાબતે જે તે યોજનાનાં અધિકારીશ્રીએ સ્પષ્ટતા કરવાની રહેશે.

(અમલ :પ્રાધ્યાપક અને વડાશ્રી, પેથોલોજી વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય)

**<u>પુનઃ ગ્રાન્ટ ફાળવણી બાબત..</u>**

પ્લાન યોજના સદરે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ હેઠળ જે તે વિભાગોમાં કાર્યરત પ્લાન યોજનામાં યોજનાકીય ઉદ્દેશો અને આઉટકમને લક્ષમાં રાખી માંગણી કરેલ રકમની ફાળવણી આ સાથે સામેલ પત્રક મુજબ પુનઃ ગ્રાન્ટ ફાળવણી સમયસર કરવી.

(અમલઃ હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી, નકૃયુ., નવસારી)

બેઠકનાં અંતે હાજર રહેલ અધિકારીશ્રીઓનો આભાર માની રીવ્યુ બેઠક પૂર્ણ કરવામાં આવી

જા.નં. નકૃયુ/સંનિ/આયોજન/પ્લારીબે/તૃતિય/૨૮૦૬–૬૧ /૨૦૧
નવસારી તા. ૮/૩/૨૦૧૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**<u>નકલ સવિનય રવાના :પ્રતિ,</u>**

(૧) માન. કુલપતિશ્રીનાં રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.

(૨) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.

(૩)યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ અમલ થવા સારું.